	ટીમ	મેચ	જીત	હાર	રદ	પોઇન્ટ	નેટ રન
Q	RCB	14	9	5	0	18	0.783
Q	GT	14	9	5	0	18	0.695
Q	SRH	14	9	5	0	18	0.524
Q	RR	14	8	6	0	16	0.189
	PBKS	14	7	6	1	15	0.309
	KKR	13	6	6	1	13	0.011
	CSK	14	6	8	0	12	-0.345
	DC	13	6	7	0	12	-0.871
	MI	14	4	10	0	8	-0.584
	LSG	14	4	10	0	8	-0.740

જીત સાથે રાજસ્થાન પ્લેઓફમાં, કોલકાતા અને પંજાબનું પત્તુ કપાયું

છેલ્લી ઓવરોમાં આર્ચર અને જાડેજાએ આક્રમક બેટિંગ કરી રાજસ્થાનનો સ્કોર 205 રન સુધી પહોંચાડ્યો

જવાબમાં મુંબઈની ટીમ 175 રન જ બનાવી શકી, આર્ચરે મહત્વપૂર્ણ 3 વિકેટ ઝડપી

મુંબઈ, તા. 24 (પીટીઆઈ): જોફ્રા આર્ચરના ઓલરાઉન્ડ પ્રદર્શનની મદદથી રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઈન્ડિયન્સને 30 રને હરાવીને આઈપીએલ (IPL) પ્લેઓફની ચોથી અને અંતિમ ટિકિટ મેળવી લીધી છે.

આ જીત સાથે જ પંજાબ કિંગ્સ, કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) અને દિલ્હી કેપિટલ્સ પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયા છે. રાજસ્થાને પહેલા બેટિંગ કરતા આર્ચરના 15 બોલમાં 32 રન અને રવિન્દ્ર જાડેજાના અણનમ 19 રનની મદદથી છેલ્લી 5 ઓવરમાં 73 રન ઝૂડીને 8 વિકેટે 205નો મજબૂત સ્કોર બનાવ્યો હતો.

જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સ 20 ઓવરમાં 9 વિકેટે 175 રન જ બનાવી શકી હતી. મુંબઈની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી અને આર્ચરે પાવરપ્લેમાં રોહિત શર્મા (0) અને નમન ધીરને આઉટ કરીને સ્કોર 4 વિકેટે 38 રન કરી નાખ્યો હતો. મુંબઈ તરફથી સૂર્યકુમાર યાદવે 42 બોલમાં 60 રન અને કેપ્ટન હાર્દિક પંડ્યાએ 15 બોલમાં 34 રન બનાવીને લડત આપી હતી, પરંતુ 16મી ઓવરમાં હાર્દિકને આર્ચરે આઉટ કરીને મુંબઈની જીતવાની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું. આર્ચરે બોલિંગમાં શાનદાર પ્રદર્શન કરતા 4 ઓવરમાં માત્ર 17 રન આપીને 3 મહત્વની વિકેટો ઝડપી હતી.

આ વિજય સાથે રાજસ્થાનના 14 મેચમાં 16 પોઈન્ટ થયા છે આ સાથે તેણે પ્લેઓફમાં પોતાનું સ્થાન પાક્કું કરી લીધું છે.

રાજસ્થાન રોયલ્સ	રન	બોલ	4	6
જયસ્વાલ કો બોશ બો જેક્સ	27	17	1	3
સૂર્યવંશી કો નમન બો ચહર	4	6	0	0
ઝુરેલ બો બોશ	38	26	3	2
રિયાન કો તિલક બો ગઝનફર	14	8	2	1
દાસુન રન આઉટ	29	15	0	3
ફેરારિયા કો બોશ બો ચહર	18	15	0	2
આર્ચર કો તિલક બો ઠાકુર	32	15	1	3
દુબે કો નમ બો ઠાકુર	5	6	0	0
જાડેજા નોટ આઉટ	19	11	3	0
બર્ગર નોટ આઉટ	10	3	0	1
વધારાના	9			
કુલ 20 ઓવરમાં 8 વિકેટે	205 રન			

વિકેટ પતન: 1-33, 2-33, 3-54, 4-99, 5-119, 6-139, 7-174, 8-175

બોલિંગ	O	M	R	W
દીપક ચહર	4	0	43	2
વિલ જેક્સ	2	0	12	1
એ એમ ગઝનફર	3	0	45	1
રઘુ શર્મા	3	0	25	0
શાર્દુલ ઠાકુર	4	0	41	2
કોર્બીન બોશ	4	0	38	1

મુંબઈ ઈન્ડિયન્સ	રન	બોલ	4	6
રોહિત કો ઝુરેલ બો આર્ચર	0	4	0	0
રિકેલ્ટન કો સૂર્યવંશી બો બર્ગર	12	7	1	1
નમન બો આર્ચર	6	5	1	0
સૂર્યકુમાર કો એ બો બર્ગર	60	42	3	4
તિલક બો બ્રિજેશ	3	7	0	0
વિલ બો યશ રાજ	33	18	3	2
હાર્દિક કો બર્ગર બો આર્ચર	34	15	3	2
બોશ કો ફેરારિયા	2	4	0	0
શાર્દુલ નોટ આઉટ	10	11	1	0
દીપક ચહર એલબી બો બ્રિજેશ	8	5	0	1
ગઝનફર નોટ આઉટ	2	3	0	0
વધારાના	5			
કુલ 20 ઓવરમાં 9 વિકેટે	175 રન			

વિકેટ પતન: 1-0, 2-18, 3-24, 4-38, 5-101, 6-149, 7-152, 8-158, 9-167

બોલિંગ	O	M	R	W
જોફ્રા આર્ચર	4	0	17	3
નાંદ્રે બર્ગર	4	0	43	2
બ્રિજેશ શર્મા	4	0	26	2
રવિન્દ્ર જાડેજા	2	0	24	0
યશ રાજ પૂંજ	4	0	44	2
દાસુન શનાકા	2	0	21	0

કોલકાતા સામે દિલ્હીએ બનાવ્યા 203 રન

કે એલ રાહુલની આક્રમક અર્ધસદી



કોલકાતા, તા. 24 (પીટીઆઈ): કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે રમાયેલી આઈપીએલ (IPL) મેચમાં કે એલ રાહુલે માત્ર 30 બોલમાં 60 રનની શાનદાર ઇનિંગ રમીને દિલ્હી કેપિટલ્સને ધમાકેદાર શરૂઆત અપાવી હતી. જોકે, કોલકાતા નાઇટ રાઇડર્સે (KKR) મેચમાં શાનદાર વાપસી કરીને દિલ્હીને 20 ઓવરમાં 5 વિકેટે 203 રન પર રોકી દીધું હતું.

રાહુલે પોતાની ઇનિંગમાં 5 ચોગ્ગા અને 4 છગ્ગા ફટકારીને સીઝનની છઠ્ઠી ફિફ્ટી પૂરી કરી હતી. પરંતુ 13મી ઓવરમાં તે આઉટ થતાં દિલ્હીની રનની ગતિ ધીમી પડી ગઈ હતી.

ડેવિડ મિલર (28), અક્ષર પટેલ (39) અને આશુતોષ શર્માએ (અણનમ 18) અંતિમ ઓવરોમાં રન બનાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ મોટો સ્કોર કરવામાં નિષ્ફળ રહ્યા હતા. KKR તરફથી ડાબોડી ફાસ્ટ બોલર સૌરભ દુબે સૌથી સફળ રહ્યો, જેણે 28 રન આપીને 2 વિકેટ ઝડપી હતી. વરુણ ચક્રવર્તીએ પણ ઈજા હોવા છતાં 1 વિકેટ મેળવી હતી.

વાનખેડે સ્ટેડિયમ પર રમાયેલી અન્ય મેચમાં રાજસ્થાન રોયલ્સે મુંબઈ ઇન્ડિયન્સને હરાવીને પ્લેઓફમાં જગ્યા બનાવી લેતા, આ મેચ માત્ર ઔપચારિક બની રહી હતી. આ પરિણામ સાથે જ KKR, દિલ્હી અને પંજાબ કિંગ્સ પ્લેઓફની રેસમાંથી સત્તાવાર રીતે બહાર થઈ ગઈ છે.

દિલ્હી કેપિટલ્સ	રન	બોલ	4	6
પોરેલ કો દહિયા બો દુબે	22	18	4	0
રાહુલ કો પોવેલ બો રોય	60	30	5	4
સાહિલ કો રહાણે બો નરિન	24	17	3	1
અક્ષર કો રિંકુ બો વરૂણ	39	25	3	2
મિલર કો એલેન બો દુબે	28	19	0	3
આશુતોષ નોટ આઉટ	18	11	2	1
સ્ટબ્સ નોટ આઉટ	0	1	0	0
વધારાના	12			
કુલ 20 ઓવરમાં 5 વિકેટે	203 રન			

વિકેટ પતન: 1-40, 2-87, 3-125, 4-166, 5-201

બોલિંગ	O	M	R	W
અનુકુલ રોય	2	0	23	1
સૌરભ દુબે	4	0	28	2
કેમરોન ગ્રીન	2	0	21	0
કાર્તિક ત્યાગી	4	0	55	0
સુનિલ નરીન	4	0	38	1
વરૂણ ચક્રવર્તી	4	0	35	1

સુરક્ષા અને વિઝા વિવાદ: ઈરાને પોતાનો બેઝ કેમ્પ અમેરિકાથી મેક્સિકો શિફ્ટ કર્યો

મધ્ય પૂર્વમાં યુદ્ધની અનિશ્ચિતતા અને તણાવ વચ્ચે ઈરાન ફૂટબોલ ફેડરેશને લીધો મોટો નિર્ણય

FIFAએ હજુ આ બાબતની સત્તાવાર પુષ્ટિ કરી નથી

ફિનીક્સ, તા. 24 (એપી): ઈરાન ફૂટબોલ ફેડરેશનના અધ્યક્ષ મેહદી તાજે શનિવારે જાહેરાત કરી છે કે, FIFAની મંજૂરી બાદ તેમની વર્લ્ડકપ ટ્રેનિંગ બેઝ કેમ્પને અમેરિકાથી મેક્સિકો શિફ્ટ કરવામાં આવ્યો છે. જોકે, FIFAએ હજુ સત્તાવાર પુષ્ટિ કરી નથી.

મધ્ય પૂર્વમાં યુદ્ધની અનિશ્ચિતતા અને સુરક્ષાના કારણોસર આ નિર્ણય લેવાયો છે. અગાઉ ઈરાનની ટીમ એરિઝોનાના ટ્યુસન (Tucson)માં ટ્રેનિંગ લેવાની હતી, પરંતુ હવે તે સેન ડિએગોની દક્ષિણમાં આવેલા મેક્સિકોના તિજુઆનામાં સ્ટે કરશે.

'મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધની અનિશ્ચિતતા અને સુરક્ષાની ચિંતાઓને કારણે ઈરાનનો બેઝ કેમ્પ અમેરિકાથી હટાવવાની શક્યતા પહેલાથી જ સેવાતી હતી. ઈરાન ફેડરેશને જણાવ્યું કે, બેઝ કેમ્પ મેક્સિકોમાં રાખવાથી વિઝા સંબંધિત સંભવિત સમસ્યાઓ પણ હલ થઈ જશે, કારણ કે ટીમ મેક્સિકોના માર્ગેથી અમેરિકામાં પ્રવેશ કરશે. સાથે જ ટીમ 'ઈરાન એર'ની ફ્લાઈટ્સ દ્વારા મેક્સિકોથી જ આવવા-જવાની સુવિધા મેળવી શકશે (જે અમેરિકા સાથે ચાલી રહેલા રાજકીય તણાવના કારણે સીધી અમેરિકા ન જઈ શકે).' આ વર્ષે 11 જૂનથી 19 જુલાઈ દરમિયાન અમેરિકા, કેનેડા અને મેક્સિકો સંયુક્ત રીતે વર્લ્ડકપની યજમાની કરી રહ્યા છે.

ગ્રુપ G માં સામેલ ઈરાનની ટીમ 15 જૂને ન્યુઝીલેન્ડ, 21 જૂને બેલ્જિયમ અને 26 જૂને ઈજિપ્ત સામે રમશે. ઈરાનની ટીમ સતત ચોથી અને એકંદર 7મી વખત વર્લ્ડકપ રમી રહી છે.

લખનૌ સુપર જાયન્ટ્સમાં ધરખમ ફેરફારોની તૈયારી: પંત પાસે કેપ્ટનશીપ છીનવાઈ શકે

કપ્તાનીનું પ્રેશર હેન્ડલ કરવામાં ઋષભ પંત નિષ્ફળ રહ્યો: ટોમ મૂડી

નિકોલસ પૂરન, એનરિક નોર્કિયા, આવેશ ખાન અને દિગ્વેષ રાઠી જેવા ખેલાડીઓને પણ હરાજી પહેલાં રીલીઝ કરાય એવી શક્યતા

લખનૌ, તા. 24 (પીટીઆઈ): આઈપીએલ 2026 (IPL 2026) માં લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) નું પ્રદર્શન ખૂબ જ શરમજનક રહ્યું છે. ટીમ 14 માંથી માત્ર 4 મેચ જીતીને પોઈન્ટ ટેબલમાં સૌથી નીચે 10મા સ્થાને રહી છે. આ શરમજનક પ્રદર્શન બાદ ફ્રેન્ચાઈઝીમાં મોટા ફેરફારો અને 'રીસેટ' કરવાની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, જેના ભાગરૂપે આગામી સીઝન પહેલા પાંચ સ્ટાર ખેલાડીઓને રિલીઝ કરવામાં આવી શકે છે.

લખનૌના ડાયરેક્ટર ઓફ ક્રિકેટ ટોમ મૂડીએ સ્વીકાર્યું છે કે ટીમ નેતૃત્વમાં ફેરફાર કરવા અંગે ગંભીરતાથી વિચારી રહી છે. આ યાદીમાં સૌથી મોટું નામ કેપ્ટન ઋષભ પંતનું છે. પંતને ફ્રેન્ચાઈઝીએ રેકોર્ડબ્રેક 27 કરોડ રૂપિયાની અધધ રકમમાં ખરીદીને કપ્તાની સોંપી હતી. મૂડીના જણાવ્યા મુજબ પંત કપ્તાનીના દબાણને હેન્ડલ કરવામાં નિષ્ફળ રહ્યો છે અને તેની અસર તેની બેટિંગ પર પણ પડી છે. ભારતની ટેસ્ટ વાઈસ-કેપ્ટનશીપ ગુમાવનાર પંત આ સીઝનની 14 મેચોમાં 28ની એવરેજથી માત્ર 312 રન જ બનાવી શક્યો છે.

ભારે કિંમત અને ખરાબ ફોર્મને કારણે પંત ઉપરાંત નિકોલસ પૂરન, એનરિક નોર્કિયા, આવેશ ખાન અને દિગ્વેષ રાઠી જેવા ખેલાડીઓને પણ લખનૌની ટીમ આગામી મેગા ઓક્શન પહેલા મુક્ત કરી શકે છે.

કેનેડિયન ગ્રાન્ડ પ્રિક્સ: મર્સિડીઝના રસેલનો સ્પ્રિન્ટ રેસમાં વિજય

ઓવરટેક કરવાના ચક્કરમાં રસેલની કાર તેની જ ટીમના 19 વર્ષીય એન્ટોનેલી સાથે અથડાઈ

એન્ટોનેલી રોષે ભરાયો કાર રેડિયો પર ટીમ સમક્ષ પેનલ્ટીની માગ કરી

મોન્ટેરીયલ, તા. 24 (એપી): કેનેડિયન ગ્રાન્ડ પ્રિક્સની સ્પ્રિન્ટ રેસમાં મર્સિડીઝ ટીમના સાથી ખેલાડીઓ જ્યોર્જ રસેલ અને કિમી એન્ટોનેલી વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી.

પોલ પોઝિશનથી શરૂઆત કરનાર રસેલે રડ લેપની આ રેસના છઠ્ઠા લેપમાં 19 વર્ષીય ઇટાલિયન યુવા સ્ટાર એન્ટોનેલીના ઓવરટેક કરવાના પ્રયાસને રોક્યો હતો, જેના કારણે બંનેની કાર વચ્ચે સંપર્ક થતાં એન્ટોનેલી ઘાસ પર ઉતરી ગયો હતો.

રેસ દરમિયાન રેડિયો પર ગુસ્સે ભરાયેલા એન્ટોનેલીએ રસેલ સામે પેનલ્ટીની માંગ કરી હતી, જ્યારે ટીમ પ્રિન્સિપલ ટોટો વુલ્ફે તેને રેડિયો પર ફરિયાદ કરવાને બદલે ડ્રાઈવિંગ પર ધ્યાન આપવા કહ્યું હતું.

રસેલે આ વિવાદને સામાન્ય રેસિંગ ગણાવી પોતાનો બચાવ કર્યો હતો. મેકલેરેનના લેન્ડો નોરિસ બીજા ક્રમે રહ્યો હતો, જ્યારે છેલ્લે સુધી લડત આપનાર એન્ટોનેલી ત્રીજા સ્થાને રહ્યો હતો. આ જીત સાથે રસેલે ચેમ્પિયનશિપ લીડમાં એન્ટોનેલી સાથેનું અંતર 18 પોઈન્ટ સુધી ઘટાડી દીધું છે. રવિવારે યોજાનારી મુખ્ય રેસના ક્વોલિફાઈંગમાં પણ રસેલે સતત ત્રીજા વર્ષે કેનેડામાં પોલ પોઝિશન મેળવી છે, જ્યારે એન્ટોનેલી બીજા સ્થાનેથી શરૂઆત કરશે.

સુડોકુ ૬૫૩૧ - 'કૂટ'

૮	૧	૨		૩		૭		
૩						૬	૯	
	૪	૯		૫	૧	૨	૮	૩
	૩	૧				૮	૪	
૭	૮	૪						
	૬	૫	૩	૮				૭
	૭	૬		૨	૩		૧	૮
૧		૮		૯	૭	૫		૬
૫					૮			૨

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૭	૪	૭	૬	૬	૯	૭	૫
૬	૯	૫	૭	૯	૨	૭	૨	૬
૭	૬	૭	૯	૨	૫	૬	૭	૯
૭	૨	૬	૪	૭	૯	૫	૬	૭
૫	૬	૯	૨	૭	૬	૨	૪	૭
૭	૪	૭	૫	૭	૬	૯	૪	૬
૯	૭	૬	૭	૫	૭	૬	૯	૪
૬	૭	૬	૨	૪	૭	૭	૫	૯
૪	૫	૭	૬	૯	૭	૭	૬	૭

૬૯૫૬-૭૬૬૭ ક્રિષ્ટિ

આજનું પંચાંગ

તા.25/05/2026, સોમવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1948
વીર સંવત : 2552 **માસ :** અધિક જેઠ
તિથિ: સુદ: દસમ : 29:12
અયન : ઉત્તરાયન **ઋતુ :** ગ્રીષ્મ
રાષ્ટ્રિય દિનાંક : જેઠ: 04
યોગ : વ્રજ **કરણ:** તૈતિલ
નક્ષત્ર : ઊ.ફા. 28:09
રાશિ: સિંહ (મ.ટ.) 09:09 પછી કન્યા (પ.ઠ.ણ.)
દિવસ : શુભ - ગંગા દશહરા સમાપ્તિ
સુરતમાં સૂર્યોદય : 05:59
સુરતમાં સૂર્યાસ્ત : 19:12
નવકારસી : 06:47
પારસી વર્ષ : 1395 દએ માસનો 14મો રોજ
મુસલમાન વર્ષ : 1447 જિલ્હેજ માસનો 07મો રોજ
દિવસનાં ચોઘડિયાં: અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત
રાત્રિનાં ચોઘડિયાં: ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ
રાહુ કાળ : સવારે : 07:30 થી 09:00 સુધી

મેષ (અ,લ,ઇ,): નોકરીમાં બદલી કે સ્થાનફેરથી રાહત થાય. હરીફોની પીછેહઠથી વિજાતિય આવેગ સતાવે.
વૃષભ (બ,વ,ઉ,): વિદ્યાર્થીઓને અનુકૂળતા રહે. પરીક્ષામાં સફળતા મળે. પ્રેમમાં મદદ અને ભેટ મળી શકે છે.
મિથુન (ક,છ,ઘ,): નોકરી ધંધામાં ફેરફારના કારણે પ્રવાસ અને બહારના કામનો બોજ વધે. ઘરમાં તાલ મેળ રહે.
કર્ક (ડ,હ,): વહીવટી કુશળતા અને કુનેહથી અટકેલાં કામ પાર પડશે. સરકારી યોજનાનો લાભ મળે. પ્રવાસ થાય
સિંહ (મ,ટ,): આવક વધે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

ઉઘરાણી આવે. નવા આર્થિક રોકાણ થાય. પારિવારિક પ્રશ્નો હલ થઇ શકે છે.
કન્યા (પ,ઠ,ણ,): ઉત્સાહજનક સમાચાર મળે. સમાજમાં યશ મળે. આરોગ્યનું યોગ્ય નિદાન થાય.
તુલા (ર,ત,): મોજશોખ પાછળ ખર્ચા વધશે. ધાર્મિક પ્રવાસ થાય. કોર્ટ, કચેરીમાં મદદ મળે.
વૃશ્ચિક (ન,ય,): વફાદાર મિત્રોનો સાથ મળે. વિદ્યાર્થીઓને નવું શીખવા મળે. પ્રેમમાં વિશ્વાસ વધશે.
ધન (ભ,ધ,ફ,ઢ,): નવા વેપાર ધંધાના સોદા થાય. પ્રોપર્ટી બાબતે પ્રગતિ થાય. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું.
મકર (ખ,જ,): આયાત-નિકાસ વિદેશ-પ્રવાસના કામમાં ગતિ આવે. જીવનસાથીના આરોગ્યની ચિંતા રહે.
કુંભ (ગ,સ,શ,ષ,): આરોગ્યના ખર્ચા અને પડવા-વાગવાથી નુકસાન થઇ શકે છે. સરકારી કામમાં સાવધાન.
મીન (દ,ચ,ઝ,થ,): નવી ભાગીદારી થાય. સામાજિક કામમાં ગતિ આવે. રોજના વેપારમાં આવક વધે.

કોઈ પણ સાલમાં 25 મે એ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ સૂચવે છે. નવા ફેરફાર, નવી ટેકનોલોજી અને સરકારી નવી નીતિ પ્રમાણે કામ કરવાનું અને જવાબદારી વગેરેને કારણે ત્રાસનો અનુભવ વધશે. આરોગ્ય નરમ રહે. ધિરાણની ચિંતા રહે. વડીલો, સંતાનોના પ્રશ્નો અને ખર્ચા સતાવે. સમાજમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ વધશે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં સામાન્ય રહે.ઉમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમા પડે. વિદ્યાર્થીઓની મહેનત વધશે. નવા ઘર, વાહન, મકાનની યોજનામાં મિત્રો-વડીલોનો સાથ મળે. આવક વધારવાની યોજનામાં ચડતી પડતી રહે. વારસા, જાયદાદ, જમીન જેવા કામ ધીમાં પડે. જૂન જુલાઈ, સોમ-ગુરૂવાર, 07, 16, 25 તારીખે નવાં કામ કરવાં. ગુલાબી-સફેદ અને બીજા હલકા રંગનો ઉપયોગ કરવો. ઓગસ્ટ-સપ્ટેમ્બર બુધ-શુક્રવાર, 5, 14, 23 તારીખે નવા કામ ટાળવા. લાલ અને ઘાટો લીલો રંગ ટાળવો. કેતુ અને ચંદ્રના ઉપાય કરતા રહેવું.

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

ચહેરા પર ખીલ

યુવાની સાથે સહજ આવતી તકલીફ છે. ચણોઠી વાટી તેમાં સંચળ ભેળવી લો. ચપટી મિશ્રણ, પાણીમાં ભેળવી ખીલ પર લગાડો.

જર્મન કપ: બાયર્ન મ્યુનિકે 6 વર્ષ બાદ ટ્રોફી પર કર્યો કબ્જો

બાર્યન મ્યુનિકે સ્ટુટગાર્ટને 3-0થી હરાવ્યું, ફાઇનલમાં હેરી કેને ફટકારી શાનદાર હેટ્રિક

બર્લીન, તા. 24 (એપી): હેરી કેનની શાનદાર હેટ્રિકની મદદથી બાયર્ન મ્યુનિકે ડિફેન્ડિંગ ચેમ્પિયન સ્ટુટગાર્ટને 3-0થી હરાવીને પ્રતિષ્ઠિત જર્મન કપ (DFB-Pokal)નો ખિતાબ જીતી લીધો છે. આ જીત સાથે જ બાયર્ન મ્યુનિકે આ સીઝનમાં ડોમેસ્ટિક ડબલ (લીગ અને કપ બંને) પૂર્ણ કર્યું છે.

વર્ષ 2000 પછી આ પહેલીવાર છે જ્યારે બાયર્ન મ્યુનિકે જર્મન કપની ફાઇનલમાં જગ્યા બનાવી હોય અને 6 વર્ષના લાંબા અંતરાલ બાદ આ ટ્રોફી જીતી હોય.

મેચના પ્રથમ હાફમાં બંને ટીમના ચાહકોએ સુરક્ષા વ્યવસ્થા વધારવા સામે સ્ટેડિયમમાં ફટાકડા ફોડીને અને બેનરો પ્રદર્શિત કરીને વિરોધ કર્યો હતો, જેના કારણે મેદાન ધુમાડાથી ભરાઈ ગયું હતું. બીજા હાફમાં હેરી કેને 55મી મિનિટે ડાઈવિંગ હેડર દ્વારા પ્રથમ ગોલ કરીને મડાગાંઠ તોડી હતી. ત્યારબાદ 80મી મિનિટે બીજો અને સ્ટોપેજ ટાઈમમાં પેનલ્ટી દ્વારા ત્રીજો ગોલ કરીને પોતાની હેટ્રિક પૂરી કરી હતી. કેને આ સીઝનમાં બાયર્ન માટે તમામ ટૂર્નામેન્ટ મળીને કુલ 61 ગોલ ફટકાર્યા છે. કોચ વિન્સેન્ટ કંપનીએ કેનની આ અસાધારણ ક્ષમતા અને તેના પ્રભાવશાળી વ્યક્તિત્વના ભારે વખાણ કર્યા હતા.

ખેલાડીઓ પણ માણસ છે, ક્યારેક ગુસ્સો આવી જવો સ્વાભાવિક: ગાવસ્કર

દરેક ક્રિકેટર શ્રેષ્ઠ રોલ મોડેલ બનવાનો પ્રયત્ન કરે છે, પરંતુ દબાણની ક્ષણોમાં ધોરણો ચૂકવાઈ જવાય છે

આ વર્ષના આઈપીએલમાં થયેલા વિવાદો પર નામ લીધા વગર ગાવસ્કરે ટિપ્પણી કરી

મુંબઈ, તા. 24 (પીટીઆઈ): ક્રિકેટ જગતના દિગ્ગજ ખેલાડી અને ગુજરાતમિત્રના કોલમિસ્ટ સુનિલ ગાવસ્કરે રવિવારે જણાવ્યું હતું કે, દરેક ખેલાડી આગળ વધવાની સાથે એક સારો રોલ મોડેલ બનવાનો પ્રયત્ન કરે છે, પરંતુ માણસ હોવાને નાતે ક્યારેક તે આ ધોરણો પર ખરો ઉતરવામાં નિષ્ફળ જાય છે.

આ વર્ષની આઈપીએલ (IPL) ની કોઈ ચોક્કસ ઘટનાનો ઉલ્લેખ કર્યા વિના તેમણે ઉમેર્યું કે, મેચની ઉત્તેજના વચ્ચે આવી ભૂલો થઈ જતી હોય છે,

કારણ કે આખરે દરેક જણ માણસ છે અને કોઈ પણ ક્યારેક પિત્તો ગુમાવી બેસે છે. આજે સોશિયલ મીડિયાના કારણે આવી બાબતો ભૂતકાળ કરતાં ઘણી વહેલી લોકો સુધી પહોંચી જાય છે.

ગાવસ્કરે તેમના સમયની ટેસ્ટ મેચોની યાદો તાજી કરતા કહ્યું કે, ત્યારે મેચ પૂરી થયા બાદ બેટિંગ કરનારી ટીમ ડ્રેસિંગ રૂમમાં જતી હતી. ત્યાં ખેલાડીઓ સાથે બેસીને માત્ર રમતની જ નહીં પરંતુ ફરવા લાયક સ્થળો અને ફિલ્મોની વાતો પણ કરતા હતા. આજે આઈપીએલમાં મેચ પૂરી થયા પછી બંને ટીમના ખેલાડીઓ જે રીતે એકબીજા સાથે હાથ મિલાવે છે હસી-મજાક અને ચર્ચા કરે છે, તે પણ આ જૂની પરંપરા જેવું જ છે.